## સે. ૨૭માં સફાઈનામે 'શૂન્યાવકાશ' પ્રોપર્ટી ટેક્ષમાં વિસંગતતા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મ્યુ. કોર્પોરેશન દ્વારા પ્રોપર્ટી ટેક્ષના બીલો મોકલેલ છે. સાથે સફાઈબીલ પણ બીડેલ છે. સે. ૨૭ હાઉસીંગ બોર્ડ દ્વારા નિર્માણ પામેલ છે. જે છેવાડાનું સેકટર હોવાથી સરકારી સુવિધાઓ પુરતી પહોંચતી નથી. ચોકોમાં શેરીઓમાં સફાઈ થતી નથી. સફાઈ કામદારો પણ ફરકતા નથી. તેમ છતાં સફાઈવેરાના બીલો મોકલેલ છે. જે યોગ્ય નથી. મનપા બન્યા પછી સુવિધામાં વધારો થયો નથી. ઉલટાની સેવાઓ વિમુખ થઈ છે. પ્રોપર્ટી ટેક્ષની આકારણી આડેધડ કરી છે. મહામંડળના પ્રમુખ જયંતિભાઈ પટેલ, મહામંત્રી કમલેશભાઈ પટેલ આ પ્રશ્નો ઉકેલવા માંગણી કરેલ છે.

## અનુસુચિત જાતિ-જનજાતિના ઉમેદવારો બેલીફ પરીક્ષા માટે સંપર્ક કરે

ગાંધીનગર વણકર સમાજના ઉપ-પ્રમુખ કિશોરભાઈ પરમારે જણાવેલ છે કે, હાઈકોર્ટની બેલીફ માટેની પરીક્ષા માટેના ટેસ્ટનું નિઃશુલ્ક આયોજન સંસ્થા દ્વારા તા. ૧ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગરમાં રાખવામાં આવેલ છે. અનુસુચિત જાતિ-જનજાતિના ઉમેદવારોએ કિશોરભાઈ પરમાર પ્લોટ નં. ૧૨૬૭/૨, સેકટર-૪/ડી, મો. ૯૮૨૪૧ ૬૯૯૩૬નો સંપર્ક કરવો.

## પૂર્વ મહેસૂલ મંત્રી દલસુખભાઈ ગોધાણીને ભાવાંજલિ અર્પતા બ્રિજેશ મેરજા

પૂર્વ મહેસુલ મંત્રી દલસુખભાઈ ગોધાણીના જૈફ વયે થયેલ દેહાંત અન્વયે સદ્‌ગતને અંજલિ અર્પતા કોંગ્રેસ મહામંત્રી બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું કે, દલસુખભાઈએ જીવનભર સાદગી, ઉચ્ચ મૂલ્યો, ગાંધીવાદી વિચારસરણીને વરેલા હતા. લોકભારતી સણોસરા જેવી ગ્રામ વિદ્યાપીઠના નિયામક તરીકે જીવનના અંતિમ શ્વાસ સુધી સેવા આપી. ગ્રામ્ય ઉદ્ધારક, કૃષિ, સહકાર અને પંચાયતી રાજની ભાવનાને મૂર્તિમંત કરવા જીવનભર પરિશ્રમ કર્યો હતો.

## ભટ્ટ મેવાડા સમાજનો યજ્ઞોપવિત મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજ દ્વારા આગામી તા. ૨૭મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ સવારે ૮ થી ૧૨.૩૦ કલાક દરમિયાન લિંબચમાતા મંદિર સેકટર-૧૩ ખાતે યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ યોજાશે.

આ મહોત્સવમાં દાતાઓ દ્વારા ગાયત્રી આસન, રૂમાલ પંચપાત્ર, એરબેગ અને કેલક્યુલેટર વગેરે નવ બટુકોને આપવામાં આવશે તો ભટ્ટ મેવાડા સમાજ ગાંધીનગરના તમામ જ્ઞાતિ બંધુઓ માટે ૨૬મીએ લીંબચમાતાના મંદિરે જ બપોરે ૩ કલાકે સમૂહ આનંદના ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે તેમ સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

## ગાંધીનગરમાં જશ્ને ઈદે મિલાદુન્નબી ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૯ની મસ્જિદ ખાતે ઈદ-એ-મિલાદના ધાર્મિક પ્રસંગે બાલ મુબારકની ઝીયારત અને મુફ્તી મોઈનુદીન રઝવીની વાયઝ ફરમાવવામાં આવશે.

ઈસ્લામ ધર્મના મહાન પેગંબર સાહેબના જન્મ દિવસને મુસ્લિમો જશ્ને ઈદે મિલાદ તરીકે ઉજવે છે. ત્યારે આ વર્ષે સેક્ટર-૨૯ મસ્જિદ ખાતેથી બાલ મુબારકની ઝીયારત સવારે ૮ કલાકે સેક્ટરના વિસ્તારમાં જુલુસ ફેરવવામાં આવશે. બાદમાં ૧૦.૩૦ કલાકે તકસીર હઝરત મોલાના મુફ્તી મોઈનુદીન રઝવી વાયઝ ફરમાવી દિલોને મુનાવર કરશે. આ પ્રસંગે બયતુલ માલના પ્રમુખ મોઈનભાઈ શેખે તમામ મુસ્લિમ બિરાદરોને હાજર રહેવા જણાવ્યું છે.



યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના શુભારંભ પ્રસંગે ગાંધીનગરના સેક્ટર-૭ ખાતે નિઃશુલ્ક ટેસ્ટ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ડેન્ટલ, ડાયાબીટીશ, બ્લડપ્રેશર અને બી.એમ.આઈ. સહિતના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ડો. હાર્દિક તલાટી, ડો. યજ્ઞેશ ત્રિવેદી અને ડો. ચિંતન દ્વારા એન.સી.ડી. સેલની મદદથી કરવામાં આવેલ આ કેમ્પનો ૧૩૫થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

# ઉવારસદ ગામે શારીરિક ક્ષતિ ધરાવતા વિકલાંગ વિદ્યાર્થીઓ માટે રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સદ્‌વિચાર પરિવાર સંચાલિત ઉવારસદ ગામે આવેલ હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર સ્થળે તાજેતરમાં બે દિવસીય ખેલમહાકુંભ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ખેલમહાકુંભમાં જિલ્લાની વિવિધ સંસ્થાઓમાંથી મોટી સંખ્યામાં વિકલાંગ ભાઈ બહેનોએ ભાગ લઈ વિવિધ રમતોની મજા માણી હતી. વિદ્યાર્થીઓએ દિવસભર દોડ, બરછી ફેંક, ચક્રફેંક, લાંબી કૂદ અને ક્રિકેટ જેવી રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઈનામો મેળવ્યા હતા.

આ પ્રસંગે સદ્‌વિચાર પરિવારના ટ્રસ્ટી કે.આર.સીંગ, પ્રફુલ્લભાઈ વિગેરે હાજર રહ્યા હતા અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. વિવિધ રમતોમાં વિજેતા બનેલા રમતવીરોને ઉપસ્થિત આમંત્રિત મહાનુભાવોએ બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર ખેલમહાકુંભનું સંચાલન શાળાના શિક્ષક ડી.સી. નાડિયાએ કર્યું હતું.

# માર્ગોના સેન્ટ્રલવર્જની કંગાળ સ્થિતિ : બોર્ડસનો ખડકલો

ગાંધીનગર, તા. ૨૩

શહેરના માર્ગોને વાઈબ્રન્ટ સમિટ પૂર્વે કોસ્મેટીક ટ્રીટમેન્ટ આપીને ચકચક બનાવી દેવાયા છે પરંતુ માર્ગોનો સેન્ટ્રલ વર્જ બ્યુટીફીકેશનના અભાવ વચ્ચે કંગાળ ભાસી રહ્યો છે. સેન્ટ્રલવર્જને રંગબેરંગી ફૂલોથી નિખારવાની સુફીયાણી વાતોના અંતે હાલ વિવિધ બોર્ડસ અને હોર્ડીંગ્સનો ખડકલો કરી દેવાયો છે.

શહેરના મુખ્યમાર્ગોના નવીનીકરણ બાદ સેન્ટ્રલવર્જની હાલત હજુ પણ કંગાળ હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. શહેરના વિવિધ માર્ગોના સેન્ટ્રલવર્જમાં વિવિધ કલર કોડ પ્રમાણે ફૂલો નિખારવાની વાત પણ સાર્થક થઈ નથી. વાઈબ્રન્ટ પૂર્વે સેન્ટ્રલવર્જનું કલરકામ કરવામાં આવ્યું હતું. પરંતુ લાંબા સમયના અંતે પણ મુખ્ય માર્ગોની રોનક નિખારવા બ્યુટીફીકેશનનું કોઈ કામ હાથ ધરાયું નથી. કંગાળ ભાસતા સેન્ટ્રલ વર્જમાં રંગબેરંગી ફૂલોની રોનક હજુ નિખરી નથી જયારે તંત્ર દ્વારા ઠેર ઠેર બોર્ડસ લગાવી દેવાતા સેન્ટ્રલવર્જના બ્યુટીફીકેશનનો અભિગમ પણ કરમાઈ ગયો છે. શહેરના મુખ્ય 'ઘ' માર્ગ પર વચાળે સ્થિત વર્જમાં આવા બોર્ડસની જાણે કતાર લાગી છે. આમ નાગિરકોને દિશા ચિંધવા લગાવાયેલા બોર્ડસનો એટલે ખડકલો થઈ ગયો છે કે બોર્ડસના લીધે જ જાણે ભૂલભૂલૈયામાં અટવાતા હોય તેવી સ્થિતિ ઉદભવી છે.

# પક્ષીઓની સેવા કરતી સંસ્થાઓને સલામ

ગાંધીનગર, તા. ૨૩

ઉત્તરાયણ પર્વમાં પતંગની દોરીથી ઘવાયેલા ઘાયલ પક્ષીઓને બચાવવા માટે ગાંધીનગરની વિવિધ સંસ્થાઓ આ વર્ષે ઉમદા કામગીરી કરી ૩૦૦ થી વધારે પક્ષીઓની સારવાર કરી પક્ષી બચાવો અભિયાનમાં જોડાયા હતા.

આ પક્ષી બચાવો અભિયાનમાં ગાંધીનગરમાં સ્થિત બિંદુ ગ્રુપ ઓફ ગુજરાત કલ્ચર ફાઉન્ડેશન નમો નમઃ, અગમ ફાઉન્ડેશન વનશ્રી ટ્રસ્ટ અને ગોલ ફાઉન્ડેશન જેવી અનેક સંસ્થાઓના સ્વયમસેવકો અને ડૉક્ટરો દ્વારા દર વર્ષે ૧૪મી જાન્યુઆરી અને ૧૫મી જાન્યુઆરીના રોજ નિઃસ્વાર્થભાવે સેવા આપે છે. આ સંસ્થાઓને કોઈ પણ જગ્યાએથી ઘાયલ પક્ષીઓ માટેનો ફોન આવતાં જ સ્વયંસેવકો ૧૦થી ૧૫ મિનિટમાં પહોંચી જાય છે. આ સેવા કાર્યમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ જોડાય છે અને ઘાયલ પક્ષીઓને બચાવવાનો પુરેપુરો પ્રયત્ન કરે છે માટે સલામ છે આ સંસ્થાઓને અત્યાર સુધી આ સંસ્થાઓએ ૮૦૦થી ૧૦૦૦ જેટલા પક્ષીઓ બચાવવામાં ઉમદા ભૂમિકા ભજવી છે.

# પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો ૨૦મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દ્વારા ૨૦મો સમુહ લગ્નોત્સવ તા. ૨૮મી જાન્યુઆરી ૨૦૧૩ને સોમવારના રોજ રખિયાલ રોડ દહેગામ ખાતે યોજાશે. આ સમુહલગ્નમાં ૨૭ યુગલો પ્રભુતામાં પગલા માંડશે. આ પ્રસંગે સમાજના દાતાઓ, મહેમાનો અને જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહેશે.

રખિયાલ રોડ દહેગામ ખાતે શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામ દ્વારા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહલગ્નમાં ૨૭ યુગલો ૨૮મી જાન્યુઆરીના દિવસે લગ્નગ્રંથિથી જોડાશે. આ પ્રસંગે વર પક્ષનો ઉતારો જય અંબે કોલ્ડ સ્ટોરેજમાં અને કન્યા પક્ષનો ઉતારો રામ જયોતિ કોલેડ સ્ટોરેજ ખાતે રાખવામાં આવ્યો છે. સવારે દશ વાગે હસ્તમેળાપ થશે. જયારે ભોજન સમારંભ સવારે ૯ થી ૧ દરમિયાન વિનાયક કોલેડ સ્ટોરેજમાં છે. લગ્નમાં આવનાર આમંત્રિત મહેમાનોએ પોતાનું સાધન યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ પાસે પાર્ક કરવું. સમુહલગ્ન પ્રસંગે મોટી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો તેમજ આમંત્રિતો અને અગ્રણીઓને ઉપસ્થિત રહી નવદંપતિને આર્શીવાદ આપવા સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિ અને જગદીશભાઈ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

# રિક્ષામાં દારૂ-બિયરનો જથ્થો ભરીને વેચવા ઘરે લઈ જતો શખ્સ ઝડપાયો

### ૭૦ હજારનો મુદ્દામાલ કબજે લઈ પેથાપુરના બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર પાસેના પેથાપુર ગામમાં એક શખ્સ રિક્ષામાં દારૂ ભરીને ઘરે વેચવા માટે લાવી રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે દરોડો પાડીને દારૂ-બિયરનો જથ્થો ભરેલી રિક્ષા સાથે પેથાપુરના બુટલેગરની ધરપકડ કરી લીધી છે. આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ મુજબ ગુનો દાખલ કરી દારૂ-બિયર સહિત ૭૦ હજારનો મુદ્દા માલ કબજે કરી પેથાપુર પોલીસે તપાસ આરંભી છે.

ગાંધીનગર એલ.સી.બી.ની ટીમને આજે બાતમી મળી હતી કે પેથાપુર ગામના તરપોજ વાસમાં રહેતો પ્રકાશ ઉર્ફે હીતેશ બેચરજી ઠાકોર નામનો શખ્સ રિક્ષામાં દારૂ ભરીને વેચાણ અર્થે ઘરે લાવી રહ્યો છે જેને આધારે વોચ ગોઠવીને એલસીબીની ટીમે ઘર આંગણેથી જ રિક્ષામાં ભરેલો દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડયો હતો. રિક્ષાની તપાસણી કરતાં તેમાંથી ૭૨ નંગ બિયરના ટીન અને ૩ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. એલ.સી.બી. પોલીસે પ્રકાશ ઉર્ફે હીતેશની રૂ. ૮૧૦૦ની કિંમતના દારૂ-બિયરના જથ્થા સાથે ધરપકડ કરીને ૧ હજારની કિંમતનો મોબાઈલ, ૬૦ હજારની રિક્ષા તથા રૂ. ૧૩૦૦ રોકડા મળી રૂ. ૭૦,૪૦૦નો મુદ્દામાલ કબજે લઈ પેથાપુર પોલીસને સોંપ્યો છે. પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ. એચ.આર. કુવાડીયાએ ગુન્હો નોંધી દારૂ-બિયરનો જથ્થો કયાંથી લાવ્યો હતો અને કેટલા સમયથી ગેરકાયદે ધંધો કરતો હતો તે સહિતની પુછપરછ શરુ કરી છે.

# શહેરની હાઉસિંગ વસાહતમાં સી.સી. રોડ બનાવવા વિચારણા

### રૂ. ૨ કરોડના ખર્ચનો અંદાજ : તંત્ર દરખાસ્ત તૈયાર કરશે

ગાંધીનગર, તા. ૨૩

શહેરના સેકટરોમાં સ્થિત હાઉસીંગ વસાહતમાં સી.સી. રોડનું કામ હાથ ધરવા તંત્ર દ્વારા ટૂંકમાં દરખાસ્ત તૈયાર કરાશે. આ કામગીરી પાછળ રૂ. ૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

શહેરમાં માર્ગ નવીનીકરણના કામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. શહેરના મુખ્યમાર્ગો સહિત સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા પાછળ પણ બજટમાં વિશેષ જોગવાઈના અંતે મોટાભાગના રસ્તાઓ ટનાટન બનાવવાનું કામ પૂર્ણ કરાયું છે. જો કે હજુ સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોની દરખાસ્ત અટવાયેલી પડી છે પરંતુ શહેરના સેકટરોમાં સ્થિત હાઉસીંગ વસાહતોમાં રસ્તાઓનું અસ્તિત્વ ભૂંસાઈ જતા સ્થાનિક રહીશોને પારાવાર હાલાકી ભોગવવી પડે છે. સે-૨૪, સે-૨૭ અને સે-૩૦ સહિતની હાઉસિંગ સોસાટીઓમાં દબાણો સહિતના પ્રશ્નો ઉદભવતા માર્ગ નવીનીકરણની કામગીરી કઠીન હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. જયારે હાઉસિંગ કક્ષાએથી માર્ગોની મરામતનું કામ હાથ ન ધરાતા સ્થાનિક રહીશોને પરેશાની વેઠવી પડે છે. આ મામલે તંત્ર દ્વારા બજેટલક્ષી દરખાસ્ત તૈયાર કરી હાઉસીંગ વસાહતમાં સી.સી. રોડ બનાવવા વિચારણા હાથ ધરાઈ છે. આ કામગીરી પાછળ રૂ. ૨ કરોડનો ખર્ચ થાય તેમ છે. બજેટમાં ખર્ચને મંજૂરી મળે તો આગામી દિવસોમાં હાઉસિંગના મકાનો આસપાસ માર્ગ નવીનીકરણનું કામ હાથ ધરાશે.

# અનોખી રીતે પલકે જન્મદિવસ ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૩

વાવોલરહેતી ફિઝીયોથેરેપીનો અભ્યાસ કરતી પલક દિનેશ બારોટે આજે તેના જન્મદિનની અનોખી રીતે ઉજવણી કરી હતી.

પલક અને તેના પરિવારજનોએ આજે રકતદાન ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં કરી અને જન્મદિવસની ઉજવણી કરી હતી. પલકે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સાદગીથી જન્મદિવસ ઉજવવાની અમારા પરિવારની પરંપરા છે. હું પેરામેડીકલની વિદ્યાર્થીની છું અને રકતદાનનું કેટલું મહત્વ છે તે સમજું છું તેથી મેં અને મારા પરિવારે રકતદાન કરી આ જન્મદિવસની ઉજવણી કરવાનો સંકલ્પ કર્યો હતો.

# પેથાપુર નગરપાલિકાની પેટા-ચૂંટણી માટે બે ઉમેદવારી પત્રો ભરાયા

### ઉમેદવારી-પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની ખાલી પડેલ એક બેઠક માટેની પેટા-ચૂંટણી માટે બે ઉમેદવારી પત્રો ભરાયા છે. આજે ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ છે અને કોંગ્રેસ તરફથી આજે ઉમેદવારી પત્ર રજુ કરાશે.

પેથાપુર નગરપાલિકાના વોર્ડ નં. ૭ની બેઠક પર ચૂંટાયેલા કોંગ્રેસના રૂકીનાબીબીએ રાજીનામુ આપતાં આ બેઠક ખાલી પડી હતી.

આ પેટાચૂંટણી માટે ભાજપના બે ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યા છે. કોંગ્રેસ દ્વારા આજે ઉમેદવારીપત્ર ભરવામાં આવશે તેમ કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં માણસા નગરપાલિકાના ઉમેદવારોની પસંદગી કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવી હતી અને મોડી રાત્રે આ અંગેના જરૂરી મેન્ડેટો ઉમેદવારોને મોકલી આપવામાં આવ્યા છે.

૧૦મી ફેબ્રુઆરીએ આ પેટા-ચૂંટણી અંગે મતદાન યોજાશે અને સોમવારે ઉમેદવારી પત્રની ચકાસણી હાથ ધરાશે.

# હવે ઠંડીમાં ધીમે ધીમે ઘટાડો થશે

કાતિલ ઠંડીની જનજીવન પર ભારે અસર થઈ છે ત્યારે આગામી દિવસોમાં ઠંડીથી રાહત મળે તેવી શંભાવના છે.

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ હજુ એકાદ-બે દિવસ ઠંડી રહેશે. પારો ૯ થી ૧૨ ડિગ્રીની વચ્ચે રહેશે. તે પછી ગુરૂવારથી ઠંડીમાં રાહત મળશે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન ફરીથી નોર્મલ નજીક પહોંચી જશે. લઘુત્તમ તાપમાન ૧૩-૧૪ ડીગ્રી તેમજ મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી નજીક પહોંચી જશે. જ્યારે ૨ ઉમીથી ફરી નવુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી રહ્યું છે જેના પગલે કાશ્મીરમાં હિમવર્ષા અને જમીની વિસ્તારોમાં વરસાદ પડશે. ઉત્તર મહારાષ્ટ્ર, દક્ષિણ અને સેન્ટ્રલ મધ્યપ્રદેશમાં વરસાદની શક્યતા છે. આજે વસાહતીઓને ઠંડીથી રાહત મળી હતી.

# નગરપાલિકાની ચૂંટણી કોંગ્રેસ પક્ષના પ્રતીક પર લડશે

ગાંધીનગર, તા. ૨૩

પેથાપુર નગરપાલિકાની ગાંધીનગર ખાલી પડેલી એક બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે. જ્યારે માણસા નગરપાલિકાની ચૂંટણીમાં પણ કોંગ્રેસ પક્ષે પક્ષના સિમ્બોલ સાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

કોંગ્રેસના પ્રમુખ શ્રી જશુભા રાણાએ જણાવ્યું હતું કે અમે નગરપાલિકાના ઉમેદવારોની પસંદગી આજે મોડી રાત સુધીમાં પૂર્ણ કરી દઈશુ અને ગુરૂવારના રોજ અમારા બધા જ ઉમેદવારો ઉમેદવારીપત્ર ભરી દેશે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે પણ પક્ષે તેની તૈયારીઓ આરંભી દીધી છે. આ માટેની મોટા ભાગની તૈયારીઓ પૂરી થઈ જવા આવી છે. તેમણે જણાવ્યું હતું કે અમે તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ પક્ષના સિમ્બોલ પર જ લડવાનો નિર્ણય કરેલ છે.

# પેથાપુરમાં જસ્ને ઈદે મિલાદ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક પેથઆપુર ખાતે આવેલા કોમીનીટીહોલ ખાતે જસ્ને ઈદે મિલાદ નિમિત્તે મદ્રાશા મુકામે બાલ મુબારકની ઝીયારત, તકરીર મોલાના સૈયદ ગુલામ મુરતઝા અશરફી (નાગલપુર) વાયઝ ફરમાવી દિલોને મુનવર કરશે. આમન્યાઝ જુમ્માની નમાઝ બાદ ઢોલ નગારા અને ડીજેના તાલ સાથે ભવ્ય જુલુસ નિકળશે તો આ ધાર્મિક પ્રસંગે સુન્ની મુસ્લીમ બિરાદરોને હાજર રહેવા મોલાના અબ્દુલ અઝીઝ રીઝવીએ જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭

સૂર્યાસ્ત : ૬.૨૫

## તાપમાન

મહત્તમ : ૨૬.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ઈન્કાર : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
મુંબઈ મિરર : ૫.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
ઈન્કાર : ૧૦.૦૦
મુંબઈ મિરર : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૫.૩૦
દબંગ-૨ : ૭.૩૦

: સ્ક્રીન-૫ :
ઈન્કાર : ૫.૦૦ , ૧૦.૦૦
મુંબઈ મિરર : ૨.૩૦, ૭.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બંદૂક : ૯.૧૫, ૨.૪૫, ૧૦.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૫.૧૫
દબંગ -૨ : ૧૨.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
મુંબઈ મિરર :૯.૪૫, ૧૨.૧૫, ૧૦.૧૫
ટેબલ નં.૨૧ :૩.૪૫, ૮.૧૫

### સૂર્યા, વાવોલ

મુંબઈ મિરર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મુંબઈ મિરર : ૧૦.૩૦, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ઈન્કાર : ૪.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧.૦૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
મુંબઈ મિરર : ૧૦,૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- સવારે ૯.૦૦ કલાકે, બ્રાઈટ સ્કુલ ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ.

### રમત-ગમત

- ખેલ મહાકુંભ-૨૦૧૩ હેઠળ જિલ્લા કક્ષાના અંધજનોની રમત ગમતનો ખેલ મહાકુંભ સેકટર-૧૬માં આવેલ પ્લોટ નં. ૧૫૬ ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : સમસ્યાઓનું સમાધાન થશે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થશે કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**વૃષભ** : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : વ્યાપારીક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કર્ક** : વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. નવા કાર્યોથી દૂર રહો.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. વિવાદિત વ્યાપારીક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે.

**કન્યા** : વિવાદીત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ આપશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપારીક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે.

**તુલા** : નાણાંકીય કાર્યોમાં સંશોધનનો યોગ. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**વૃશ્ચિક** : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થઈ શકશે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**મકર** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કુંભ** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

**મીન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. સોમાજી રામસંઘજી ઠાકોર(ઉ.વ. ૭૮) મુ.પો. ટેબા દંતાલી, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. માણેકબેન માલાજી ઠાકોર(ઉ.વ. ૮૦) મુ.પો. મહુન્દરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગોગા ડાગ્યાજી ઠાકોર(ઉ.વ. ૩૮)મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જશુબેન શિવાજીભાઈ પ્રજાપતિ(ઉ.વ. ૭૦) ૯૬/૪૦૯, શ્રીનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ધૂળીબેન નથ્થુદાસ પટેલ(ઉ.વ. ૯૦) કૃષ્ણનગર પરામાં, મુ.પો. દેલવાડા, તા.માણસા, જિ. ગાંધીનગર.